Plot----Bunglow-----Flat
THE PROPZONEGANDHINAGAR
Buy-----sell-----Rent
A property consultant in Gandhinagar
Office : A/224, Swagatrainforest~2
Kuda san.Gandhinagar
Mobile : 9033810109

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક
now on Internet www.janfariyad.com
अब तो एक ही आग "जन फरियाद"
R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ
સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-21 ■ અંક-40 ■ તા. 01-10-2017 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

### ગાંધીનગર પાસે રૂપાલ ગામે લાખો શ્રદ્ધાળુઓનો ધસારો

## વરદાયિની માતાજીના જય ઘોષ વચ્ચે રૂપાલમાં શ્રદ્ધાળુ ઉમટ્યા

### દર વર્ષની જેમ જ આ વખતે પણ ભવ્ય આયોજનમાં લાખો લોકો જોડાયા, શેરીનું વાતાવરણ ગુલાલમય બન્યું : રૂટ પરની ગલીઓમાં શુદ્ધ ઘીની નદીઓ

અમદાવાદ,

નવરાત્રી પર્વના છેલ્લા દિવસે ગાંધીનગર પાસે આવેલા રૂપાલ ગામ નજીક વરદાયીની માતાના મંદિરથી અભૂતપૂર્વક ધાર્મિક માહોલ વચ્ચે પલ્લી કાઢવામાં આવી હતી. પરંપરાગત રીતે નિકળેલી આ પલ્લીમાં શુદ્ધ ઘીનો અભિષેક કરાયો હતો. શુક્રવારે મોડી રાત્રે નિકળેલી આ પલ્લીમાં આ વખતે પણ હજારો ભાવિક દ્વારા ઘીનો અભિષેક કરવામાં આવ્યો હતો. શેરીઓ ગુલાલમય બની ગઈ હતી. કેટલાક લોકો તો ૧૫ કિલો ઘીના ડબ્બા પણ ટ્રોલી અને અન્ય ડબ્બાઓમાં ઠાલવતા નજરે પડ્યા હતા. અભૂતપૂર્વ ધાર્મિક માહોલ સર્જાયો હતો. શ્રદ્ધાની દેવી વરદાયીની માતાજીના દર્શન કરવા માટે લાખો શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા. અભૂતપૂર્વ સંખ્યામાં શ્રદ્ધાળુઓ પહોંચવાના કારણે પહેલાથી જ આયોજનના ભાગરૂપે જિલ્લા કલેક્ટર દ્વારા વહિવટી તંત્રને એલર્ટ કરી દેવાયું હતું.ગામની અંદર અને મંદિર આસપાસ પોલીસના જંગી કાફલો તહેનાત કરી દેવાયો હતો.



રૂપાલમાં આખી રાત ઐતિહાસિક ધર્મોત્સવનું વાતાવરણ જામ્યું હતું અને લાખો ભક્તોએ માતાજીને દૈદિપ્યમાન સ્વરૂપના દર્શન કરવાનો લહાવો મેળવ્યો હતો. ગાંધીનગર પાસે આવેલા સુપ્રસિધ્ધ રૂપાલ ગામમાં શુક્રવારે બપોરથી માઈ ભક્તોના ટોળે ટોળા ઉમટી રહેલા જોવા મળ્ય હતાં. તેની સાથે ગામની ગલીઓમાં મુકાયેલી ટ્રેક્ટર ટ્રોલીઓ શુધ્ધ ઘીથી ભરાતી નજરે પડતી હતી. તેમજ મંદિર પરિષરમાં મુકાયેલા પીપડામાં ભક્તો દ્વારા ઘી ઠલવાઈ રહ્યું હતું. બાધા પુરી કરવા આવેલા ભક્તો દ્વારા ઘી ખરીદવા માટે મંદિર આસપાસ શરૂ થયેલી દુકાનોમાં ભીડ થવા લાગી હતી. તેની સાથે મંદિર નજીક પોલીસ કાફલો બંદોબસ્તમાં તહેનાત થઈ રહ્યો હતો. ભક્તોનું ઘોડાપુર ઉમટી પડવાની ધારણાને લક્ષમાં લઈ સાંજના ૫ વાગ્યા પછી મંદિર તરફ જતા રસ્તાને વાહનો માટે બંધ કરી દેવાયાં હતા. મંદિર સૂત્રોનાં કહેવા મુજબ આ વખતે લાખો ભક્તોનો ઘસારો રહ્યો હતોઅને માતાની પલ્લી ઉપર લાખોના શુધ્ધ ઘીનો અભિષેક કરવામાં આવ્યો હતો. ગાંધીનગરથી ૧૨ કિલોમીટરના અંતરે સ્થિત રૂપાલ ગામની ઓળખ પલ્લી તરીકે વધારે થાય છે. અહીં શુદ્ધ ઘીની નદીઓ નવરાત્રી દરમિયાન જોવા મળે છે. નવરાત્રી દરમિયાન નોમના પલ્લીનું આયોજન કરાય છે. પૂજા અર્ચનામાં અનાજ, કઠોળ, ઘીનો ઉપયોગ કરવામાં આવે છે. નોમના દિવસે પલ્લીની શરૂઆત સવારથી જ કરવામાં આવે છે અને માતાજીનો પંચબલી યજ્ઞ કરવામાં આવે છે. પલ્લીના કાર્યમાં ગામના લોકો જોડાઈને માતાજીની સેવાનો લ્હાવો લેતા હોય છે. પલ્લીને ફુલોથી શણગારવામાં આવે છે. રૂપાલમાં બિરાજતા વરદાયીની માતાજી પૌરાણિક મહત્વ પણ ધરાવે છે. ભારે ઉત્સાહ દેખાયો હતો.



બંગાળી સમાજ દ્વારા નવરાત્રી પર્વ દરમ્યાન ઉજવાતી ચાર દિવસીય દુર્ગા પૂજાના સમાપન નિમિતે અમદાવાદના ઈસનપુર ખાતે માં દુર્ગા ચેરીટેબલ ટ્રસ્ટના પંડાલમાં સૌભાયવંતી મહિલાઓએ એકબીજા પર સિંદૂર કાગાવી તેમની પરંપરાગત 'સિંદૂર ખેલા' વિધિ કરી ત્યારે તેમના ખીલી ઉઠેલા ચહેરા પર પર્વનો આનંદ છલકી રહ્યો છે.

### રાહુલ ગાંધીના પ્રવાસથી ભાજપ ગભરાઈ ગયું

## રાહુલે જયાં પ્રવાસ કર્યો હવે મોદી ત્યાં જવાના : ભરતસિંહ

### ભાજપની હતાશા અને ગભરાહટ હવે એ પરથી સ્પષ્ટ થઇ જાય છે કે, મોદીને બધુ છોડીને ગુજરાત દોડી આવવુ પડે છે

અમદાવાદ,

કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીના તાજેતરના સૌરાષ્ટ્ર ઝોનના પ્રવાસની સફળતા અને લોકો દ્વારા તેમને મળેલા પ્રચંડ સમર્થનને જોઇને ભાજપ ગભરાઇ ગયું છે. એટલે જ તો, રાહુલ ગાંધીએ જયાં જયાં પ્રવાસ કર્યો ત્યાં હવે વડાપ્રધાન મોદી પ્રવાસ કરવાના છે. ભાજપની હતાશા અને ગભરાહટ એ વાત પરથી જ સ્પષ્ટ થઇ જાય છે કે, વડાપ્રધાન મોદીને બધુ છોડીને ગુજરાત દોડી આવવું પડે છે એમ આજે ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ ભરતસિંહ સોલંકીએ ભાજપ પર આકરા પ્રહારો કરતાં જણાવ્યું હતું. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ વધુમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી જન જનની વાત કરે છે, જયારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમના મનની વાત કરે છે. રાહુલ લોકોના મનની વાત સમજવાનો પ્રયત્ન કરે છે ત્યારે મોદી પોતાના મનની વાત લોકોના ગળે ઉતારવાનો પ્રયાસ કરે છે. તાજેતરના રાહુલ ગાંધીના સૌરાષ્ટ્ર ઝોનના પ્રવાસ દરમ્યાન રાહુલ ગાંધીએ આમઆદમીની માફક તેમની સાથે બેસી જમીની હકીકત જાણી તેમની સમસ્યાઓ, પ્રશ્નો અને મુદ્દાઓ સાંભળ્યા અને તેના નિવારણ માટેની લોકોને હૈયાધારણ આપી. રાહુલ ગાંધીના સૌરાષ્ટ્ર ઝોનના પ્રવાસની જબરદસ્ત સફળતા અને લોકો દ્વારા તેમને સાંપડેલા પ્રચંડ સમર્થનને જોઈને ભાજપ હવે ગભરાઇ ગયું છે અને તેથી જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ભાજપને બચાવવા બધુ છોડી અહીં ગુજરાત દોડી આવવું પડે છે. વડાપ્રધાન મોદીના આગામી દિવસોના ગુજરાત પ્રવાસને લઇ સોલંકીએ ટીકા કરતાં જણાવ્યું કે, ગભરાઇ ગયેલા ભાજપે કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી જયાં જયાં પ્રવાસ કરી ચૂકયા છે ત્યાં મોદીના પ્રવાસનું આયોજન કર્યુ છે,તેનાથી ભાજપની ગભરાહટ સ્પષ્ટ થઇ ગઇ છે. ભાજપ ગમે તે કરે પણ ગુજરાતની જનતા હવે તેનો અસલી ચહેરો જાણી ગઇ છે અને આગામી ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં જનતા તેનો જવાબ આપવાની છે. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ રાહુલ ગાંધીના મધ્ય ગુજરાતના પ્રવાસ અંગે જણાવ્યું કે, તા.૯થી ૧૧ ઓકટોબર દરમ્યાન રાહુલ ગાંધી ગુજરાતની મુલાકાત લેશે અને એ દરમ્યાન તેઓ મધ્ય ગુજરાતના વિસ્તારોનો પ્રવાસ ખેડશે. જેમાં બોરસદ, બોડેલી અને ફાગવેલ સહિતના સ્થળોએ રાહુલ ગાંધી તેમની જાહેરસભા સંબોધશે. વડોદરા અને છોટા ઉદેપુર ખાતે રાહુલ ગાંધી રાત્રિરોકાણ કરશે.

### ગાંધીનગરમાં નેશનલ આયુર્વેદ સમિટનો પ્રારંભ

## ગુજરાતને મેડીકલ ટુરિઝમનુ કેન્દ્ર બનાવાશે : મુખ્યપ્રધાન

### વિશ્વભરમાં હવે પ્રાચીનતમ ભારતીય આયુર્વેદ પદ્ધિતીનો મહિમા સ્વીકારાયો છે : નવી આયુર્વેદ કોલેજો શરૂ કરાશે

અમદાવાદ,

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આયુર્વેદ નેચરોપથી અને યોગના સંયોજનથી ગુજરાતને મેડીકલ ટૂરિઝમ ક્ષેત્રે વિશ્વ આકર્ષણ બનાવવા નેમ વ્યક્ત કરી છે. આ સંદર્ભમાં તેમણે કહ્યુ કે, ૧૫૦૦ સદી પૂર્વેની આપણી પ્રાચીન રોગ નિવારણ-ઉપચાર પધ્ધતિનો વર્તમાન યુગમાં વ્યાપક પ્રસાર કરવો એ સમયની માંગ છે. ગુજરાતમાં આયુર્વેદની જે શ્રેષ્ઠતા પડેલી છે. તેને નેચરોપથી અને યોગ સાથે જોડીને વિશ્વભરના લોકો અહિં રોગ ઉપચાર ટ્રીટમેન્ટ માટે આવે તેવી સ્થિતી આપણે સર્જવી છે. મુખ્યમંત્રીએ ગાંધીનગર મહાત્મા મંદિરમાં ગુજરાત આયુર્વેદ બોર્ડ અને સીસીઆઈએમ યોજીત નેશનલ આયુર્વેદ સમિટ-૨૦૧૭ને ખુલ્લી મુકી હતી. ગુજરાત સહિત દેશના વિવિધ રાજયોના ૧૨૦૦થી વધુ આયુર્વેદ યુનાની તબીબો, વિદ્યાર્થીઓ આ સમિટમાં ભાગ લઈ રહ્યા છે. વિજય રૂપાણીએ આ અવસરે ગાંધીનગર નજીક કોલવડામાં નિર્મિત ૪૦૦ બેડની અદ્યતન આયુર્વેદ કોલેજ-હોસ્પિટલનો લોકાર્પણ કર્યો હતો. સ્ટેટ ઓફ દ આર્ટ મોડેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ આયુર્વેદ સાયન્સ તરીકે આ કોલેજ-હોસ્પિટલ કાર્યરત કરાયા છે. મુખ્યમંત્રીએ કહ્યું કે, આજના ફાસ્ટ યુગમાં ઝડપી સારવાર માટે એલોપથી દવાઓ તરફનો ઝોક વધ્યો છે. આ એલોપથી સારવારમાં પહેલા મેડીકલ રિપોર્ટ કરાવીને નિદાન થાય છે. જયારે આપણી પ્રાચીનત્તમ આયુર્વેદ ઉપચારમાં વૈદરાજ નાડીના ધબકારા જાણીને રોગ નિદાન-સારવાર કરતા એવી સિધ્ધી આ ક્ષેત્રના વૈદ-તબીબોની રહી છે. તેમણે ઉમેર્યુ કે, વિશ્વ આખાએ હવે આ પ્રાચીન આરોગ્ય વિજ્ઞાન-સારવાર પધ્ધતિનો મહિમા સ્વીકાર્યો છે ત્યારે આયુર્વેદના પ્રચાર-પ્રસાર માટે રાજયમાં નવી આયુર્વેદ કોલેજોને પરવાનગી આપવાની દિશામાં સક્રિય વિચારાધીન છીએ. વિજય રૂપાણીએ ગુજરાતે સદીઓથી શ્રેષ્ઠત્તમ આયુર્વેદ ઉપચારકોની ભેટ આપી છે તેની ભૂમિકા આપી હતી. મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, દિનપ્રતિદિન નવા રોગ-નવી બિમારીઓ સમાજજીવનમાં જોવા મળતી રહી છે ત્યારે પરંપરાગત આયુર્વેદ પધ્ધતિ અપનાવી તેને જડમૂળથી નાબુદ કરવાનો માર્ગ અપનાવવો પડશે. તેમણે ઉમેર્યુ કે, દેશભરના આયુર્વેદ તબીબો આ દિશામાં સામુહિક ચિંતન મનન આ સમિટના માધ્યમથી કરીને સ્વસ્થ સમૃધ્ધ સમાજ રચના માટે ઉત્કૃષ્ટ યોગદાન આપશે. વિજય રૂપાણીએ રાજયના ગ્રામીણ વિસ્તારોમાં પણ આરોગ્ય સુખાકારી માટે સમર્પિત ભાવથી કાર્યરત આયુષ-આયુર્વેદ તબીબોને બિરદાવ્યા હતા.રાજયના આરોગ્યમંત્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું કે, ભાગ્યશાળી હોય તેને જ આયુર્વેદ દ્વારા સારવાર કરવાની તક મળે છે.

### તાજિયાને લઈ ૨૦ માર્ગો બપોરે ૨થી રાત્રે ૧૨ બંધ

## શહેરમાં આજે મુસ્લિમ દ્વારા તાજિયાના જુલુસ નીકાળાશે

### તાજિયા જુલુસમાં૯૩ તાજિયા, ૨૪ અખાડાઓ, ૨૪ ટ્રકો સહિતના આકર્ષણ હશે : મુસ્લિમો મોટી સંખ્યામાં જોડાશે

અમદાવાદ,

અમદાવાદ શહેરમાં મુસ્લિમ સમુદાય દ્વારા આવતીકાલે રવિવારે તાજિયાના ભવ્ય જુલુસ કાઢવામાં આવશે. તાજિયાના જુલુસમાં ૯૩ તાજિયા, ૨૪ અખાડા, ૨૪ ટ્રકો, ૭૮ ઢોલ-ત્રાંસા સહિતના આકર્ષણો લોકોમાં આકર્ષણ જમાવશે. મુસ્લિમ બિરાદરો ખૂબ મોટી સંખ્યામાં તાજિયાના જુલુસમાં જોડાશે. આવતીકાલે શહેરમાં તાજિયાના જુલુસ નીકળનાર હોઈ શહેર પોલીસતંત્ર દ્વારા લોખંડી બંદોબસ્ત તૈનાત કરાયો છે. તો બીજીબાજુ, તાજિયાને લઈ શહેરના ૨૦ જેટલા માર્ગો બપોરે ૨-૦૦થી રાત્રે ૧૨-૦૦ સુધી બંધ રહેશે. આ માર્ગોનું ડાયવર્ઝન પણ ટ્રાફિક પોલીસ દ્વારા કરાયું છે. ઈસ્લામ ધર્મના મહાન પયગમ્બર હજરત મોહમંદ(સા.અ.)ના દોહિત્ર(નવાસા) હજરત ઈમામહુસૈન તથા તેમના ૭૨ સાથીઓએ માનવતાના મૂલ્યો કાજે તેમ જ શાશ્વત મૂલ્યોને બચાવવા વહોરેલી શહાદતના માનમાં યવમે આસુરા તથા તાજિયાના જુલુસ નીકાળવામાં આવે છે. ચાંદ કમીટીના નિર્ણય મુજબ, શનિવારે રાત્રે કતલની રાત અને રવિવારે યવમે આસુરા અને તાજિયાના જુલુસ નીકળશે. આ વર્ષે શહેરના વિવિધ માર્ગો પર તાજિયાના જુલુસમાં ૯૩ તાજિયા, ૨૪ અખાડા, ૨૪ ટ્રકો, ૭૮ ઢોલ-ત્રાંસા, સાત ઉંટ ગાડી, ૧૪ નિશાન પાર્ટીઓ અને ૧૦ માતમી દસ્તાઓ સહિતના આકર્ષણો ભાગ લેશે. તાજિયા શહેરના કોટ વિસ્તારમાં ભદ્ર પ્લાઝાવાળા માર્ગથી થઈને ભદ્રકાળી મંદિર થઈને ટેલિગ્રાફ ઓફિસ પાસેથી જૂની એડવાન્સ સિનેમા થઇ વીજળીઘર પાસે શહેરના અન્ય જુલુસોને મળશે અને ત્યાં સરઘસના રૂપમાં ફેરવાઇ જશે. ત્યાંથી દિનબાઇ ટાવર થઇને ખાનપુર દરવાજા પાસે નદીકિનારે જશે, જયાં એકતા સમિતિ દ્વારા સીદી સૈય્યદની મસ્જિદ પાસે તાજિયાના જુલુસનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે. તાજિયાના જુલુસમાં મુસ્લિમ બિરાદરો ખૂબ મોટી સંખ્યામાં જોડાશે. મુસ્લિમ બિરાદરો માટે તાજિયાના રૂટમાં પાણી, ઠંડા શરબત સહિતની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. આવતીકાલના તાજિયાના પર્વને લઇ મુસ્લિમ બિરાદરોમાં ભારે ઉત્સાહનો માહોલ છવાયો છે.

### એસટી વિભાગ શરૂ કરશે નવી સુવિધા

## એસટી કંટ્રોલ રુમમાં હવે ભાડાની વિગતો પણ મળશે

### ડેપો પર ડિસ્પ્લે બોર્ડમાં પણ સમય પત્રક અને ભાડાની વિગત ડિસ્પ્લે કરાશે : બસનુ લોકેશન પણ જાણી શકાશે

અમદાવાદ,

એસટી મુસાફરીને વધુમાં વધુ લોક ઉપયોગી બનાવવા માટે પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે, જેના ભાગરુપે સરકારે એક નવો નિયમ બહાર પાડ્યો છે. અત્યાર સુધી એસટી તંત્રમાં બસની મુસાફરી કરવા ઈચ્છતા મુસાફરો ઈન્ક્વાયરી ટેબલ પરથી બસના સમય અંગે માહિતી મેળવી શક્તા હતા. તેમજ બસોના આ ટાઈમટેબલ અંગે હેલ્પલાઈન નંબર પર પણ માહિતી મળતી હતી. જોકે હવે સમયપત્રકની માહિતીની સાથે-સાથે બસના ભાડાની વિગતો પણ જણાવવામાં આવશે. એસટી સ્ટેન્ડ પર લગાવવામાં આવેલ ડિસ્પ્લે બોર્ડમાં પણ બસના સમયની સાથે-સાથે તેના ભાડાની વિગતો પણ ડિસ્પ્લે કરવામાં આવશે. એસટી બસોમાં જીપીએસ સિસ્ટમ લગાવવામાં આવ્યા બાદ બસ કયા સ્થળે છે અને તે કેટલા સમયમાં ડેપો પર પહોંચશે તેની માહિતી પણ ડિસ્પ્લે બોર્ડમાં દર્શાવવામાં આવશે.

અત્યાર સુધી એસટી બસનુ ભાડુ જાણવા માટે કોઈ જ માધ્યમ મુસાફરો પાસે નહતુ. આ માટે તેમણે સીધા બસના કંડક્ટરને પૂછવુ પડતુ હતુ, જોકે તે માટે બસ આવે ત્યાં સુધીની રાહ જોવી પડતી હતી. કંટ્રોલ રુમમાં બેસેલ લોકો પણ બસના ભાડા અંગે કોઈ માહિતી આપતા નહતા. મુસાફરો પૂછે તો પણ તેમને આ અંગે કોઈ જવાબ મળતો નહતો.

## નાગપુર દશેરા રેલીમાં કલમ ૩૭૦, કાશ્મીર, રોહિંગ્યાનો ઉલ્લેખ

# કેરળ અને બંગાળમાં જેહાદી તત્વો સક્રિય : મોહન ભાગવતનો ધડાકો

### ભ્રષ્ટાચાર ઉપર અંકુશ મુકવા, આર્થિક પ્રગતિ માટે અનેક સાહસી પગલાઓ લેવા બદલ મોદી સરકારની પ્રશંસા : ખેડુતોને યોગ્ય ભાવ મળે તે જરૂરી છે

નાગપુર,

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતે નાગપુરમાં દશેરા રેલીને સંબોધતા આજે તમામ મુદ્દાઓ પર વાત કરી હતી. મોહન ભાગવતે કલમ ૩૭૦, કાશ્મીર અને રોહિંગ્યા શરણાર્થીઓના મુદ્દાનો ઉલ્લેખ કર્યો હતો. ભાગવતે કાશ્મીર ઉપરાંત સમાન નાગરિક ધારા, ડોકલામમાં ભારતની રણનીતિ અને કુશળતાની વાત પણ કરી હતી. સંઘ પ્રમુખે પોતાના ભાષણમાં મોદી સરકારની કામગીરીની પ્રશંસા પણ કરી હતી. ભ્રષ્ટાચારને રોકવા માટે સરકાર દ્વારા લેવામાં આવી રહેલા પગલાની પ્રશંસા કરી હતી. ભાગવતે કહ્યું હતું કે, તમામ સ્થળ ઉપર કામ થઈ રહ્યું છે. જમ્મુ-કાશ્મીરમાં કટ્ટરપંથીઓ અને ત્રાસવાદીઓ સામે જે રીતે પગલા લેવાયા છે તે પ્રશંસા પાત્ર છે. સેનાને તથા પોલીસને પૂર્ણ જવાબદારી સોંપાઈ છે જેનાથી ફાયદો થયો છે. કેરળ અને બંગાળમાં જેહાદી તત્વો સક્રિય હોવાનો દાવો સંઘ વડાએ કર્યો હતો. સરહદની સમસ્યા કોઈ જગ્યાએ નથી. ગૌરક્ષક અને ગૌરક્ષાના પ્રચાર કરનાર મુસ્લિમ પણ છે. બીજા સંપ્રદાયના લોકો પણ છે. ગાયની રક્ષા કરનારની પણ હત્યા થઈ છે. ગૌરક્ષાના નામે હિંસા ફેલાવનાર સામે કઠોર પગલા લેવામાં આવશે. સરકારે અનેક સાહસિક પગલા લીધા છે. જેમાં લોકકલ્યાણના પગલા લેવામાં આવ્યા છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) દ્વારા આજે દશેરાની ઉજવણી કરવામાં આવી. શસ્ત્ર પૂજા કર્યા બાદ આરએસએસના વડા મોહન ભાગવતે જણાવ્યું હતું કે, શુક્રવારે મુંબઈમાં જે દુઃખદ ઘટના બની તેને લઈને વેદના છે. જીવનમાં આવી વાતોનો સામનો કરીને આગળ વધવું પડે છે. તેમણે ડોકલામ વિવાદ અને વિશ્વમાં ભારતની વર્તમાન સ્થિતિ પર મોદી સરકારના કામ અને પોલિસીના વખાણ કર્યા હતા. ૭૦ વર્ષમાં પ્રથમ વખત વિશ્વનું ધ્યાન ભારત તરફ ગયું છે. સીમા પર આપણે જવાબ આપી રહ્યા છે. સંઘ પ્રમુખે કહ્યું હતુ કે, રોહિંગ્યા તેમના દેશ માટે જ ખતરો છે તો આપણા દેશ માટે ખતરાની ચિંતા કેમ ન થવી જોઈએ. રોહિંગ્યા અહીં કેમ છે. મ્યાનમારે રોહિંગ્યા પર મોટું પગલું ભર્યું છે. માનવતા કે સુરક્ષાના આધારે તેમને ગમે ત્યાં શરણ આપવામાં આવશે તો તે સારુ રહેશે નહી. રોહિંગ્યાના જેહાદીઓ સાથેના સંપર્કો સામે આવી ચુક્યા છે. દેશમાં છેલ્લા થોડા દિવસોથી એનડીએ સરકારના જ બે મંત્રીઓ વચ્ચે આર્થિક વિકાસ મુદ્દે ચાલી રહેલા વિવાદ વચ્ચે ભાગવતે જણાવ્યું કે, દેશની આર્થિક નીતિ દરેકનું કલ્યાણ થાય તેવી હોવી જોઈએ. આર્થિક વિકાસનો મતબલ ગરીબનો વિકાસ ધનિકો વધુ ધનિક બને તે વિકાસ નથી. એક મોડલ દરેક જગ્યાએ ન ચાલે. સરકારે લઘુ ઉદ્યોગો પર ધ્યાન આપવું જોઈએ. અર્થનીતિમાં સમાજના દરેક વર્ગનો વિકાસ થવો જોઈએ. ખેડુતોનો ઉલ્લેખ કરી ભાગવતે જણાવ્યું કે, જગતના તાતને ઉત્પાદન ખર્ચ મુજબ ભાવ મળવા જોઈએ. ખેડુતોની ભલાઈ માટે યોજનાઓ જરૂરી છે. કોઈપણ ટેકનોલોજીનું પરીક્ષણ કર્યા વગર તેનો ઉપયોગ ન કરવો જોઈએ. ગૌરક્ષા સાંપ્રદાયિકતાનો સવાલ નથી. ગાયના નામે થતી હિંસાને ધર્મ સાથે ન જોડવી જોઈએ. બીજા ધર્મના લોકો પણ ગૌરક્ષા સાથે સંકળાયેલા છે. સરકારના મોટા ફેંસલામાં આરએસએસનો હાથ તેમ માનવામાં આવે છે પરંતુ તેમ નથી. આરએસએસ બિનસરકારી સંગઠન છે, જે ક્યારેય દેશની વાતમાં દખલ નથી કરતું. સારા સુચનોને ધ્યાનમાં રાખીને સરકારે આગળ વધવું જોઈએ. ભાગવતે કહ્યું, કાશ્મીરની વાત કરીએ તો ૨-૩ મહિના પહેલા લાગી રહ્યું હતું કે ત્યાં શું થશે. પરંતુ જે રીતે આતંકીઓ અને તેમને પીઠબળ પૂરુ પાડતાં લોકો સામે કાર્યવાહી કરવામાં આવી તેનાથી આજે કાશ્મીરની સ્થિતિ બદલાઈ રહી છે.નરેન્દ્ર મોદી અને ચીની પ્રમુખ શી જિનપિંગ વચ્ચે આજે એક કલાક સુધી લાંબી બેઠક યોજાઈ હતી. સાનુકુળ વાતાવરણમાં યોજાયેલી આ બેઠકમાં તમામ જટિલ પાસાઓ ઉપર ચર્ચા થઇ હતી. આ દ્વિપક્ષીય બેઠકમાં સરહદ ઉપર શાંતિ સ્થાપિત કરવાના મુદ્દા ઉપર ચર્ચા થઇ હતી. આ બેઠકમાં આતંકવાદના મુદ્દે સર્વોચ્ચ મુદ્દો ન હતો. બંને દેશોના સંબંધોને લઈને વાતચીત થઇ હતી. સંબંધોને વધુ મજબૂત કરવાની દિશામાં સરહદી વિસ્તારોમાં શાંતિ સ્થાપિત કરવા ઉપર ભાર મુકવામાં આવ્યો હતો.

## ગૌભકતો અને ગૌરક્ષકોમાં ઉગ્ર આક્રોશની લાગણી

# કચરામાં ગાયને સળગવાના દ્રશ્યો જોઈ લોકોમાં આક્રોશ

### લોકોનો રોષ જોતાં ખુદ રાજયના ગૃહપ્રધાનને જવાબદારો સામે આકરી કાર્યવાહી કરવાની હૈયાધારણ આપવી પડી

અમદાવાદ,

શહેરના વિરાટનગર વિસ્તારમાં કચરામાં એક ગાયને સળગતી જોઈને લોકો ભડકી ઉઠયા હતા અને વાતાવરણ તંગ બની ગયું હતું. કચરામાં સળગતી ગાયનો વીડિયો પણ વાયરલ થયો હતો, જેને લઈ શહેરભરના નાગિરકોમાં ઉગ્ર આક્રોશની લાગણી ભભૂકી ઉઠી હતી. પોલીસે પણ આ સમગ્ર મામલામાં તપાસ હાથ ધરી હતી પરંતુ ગાય કચરાપેટી પાસે સળગી કેવી રીતે તે સૌથી મોટો સવાલ સૌકોઈનો સતાવી રહ્યો છે..બીજીબાજુ, લોકોમાં પ્રવર્તી રહેલા ઉગ્ર આક્રોશને જોઈ ખુદ રાજયના ગૃહપ્રધાન પ્રદીપસિંહ જાડેજાને નિવેદન કરી લોકોને હૈયાધારણ આપવાની ફરજ પડી હતી કે, સમગ્ર મામલામાં ઝીણવટભરી તપાસ કરવામાં આવશે અને જે કોઈ કસૂરવાર કે જવાબદાર હશે, તેઓની વિરૂધ્ધ સખત પગલા લેવામાં આવશે. જો કે, ગાયને સળગતી જોઈ ગૌરક્ષકો અને ગૌભકતોની લાગણી દુભાતા તેઓ ભડકી ઉઠયા છે તે વાત નક્કી છે. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, શહેરના વિરાટનગર વિસ્તારમાં એક મોલ પાસે કચરાપેટી પાસેના કચરામાં એક ગાય સળગતી હોવાનો વીડિયો વાયરલ થયો હતો. વીડિયોમાં કચરાના ઢગલા વચ્ચે ગાયનું અડધું શરીર બળેલી હાલતમાં સ્પષ્ટ જણાઈ આવે છે. આ દ્રશ્યો જોઈ લોકોની લાગણી દુભાઈ હતી. આ બનાવને લઈ શહેરભરમાં અનેક સવાલો અને અટકળો વહેતા થયા હતા. ગાય કચરાપેટીમાં સળગી કેવીરીતે, ગાય તો આગની જવાળા કે ધુમાડો જોઈ તરત જ ભડકીને ભાગી જાય તેમછતાં આ ગાય કેવી રીતે કચરાના ઢગમાં ત્યાં સૂતેલી પડી રહી, શું ગાય પહેલેથી મૃત હતી અને તેને બાદમાં સળગાવી નાંખવાનો હીન પ્રયાસ થયો છે, કચરાના ઢગલા વચ્ચે ગાયને સળગાવી મૂકવાનું કોઈ કાવતરૂં તો ન હતું ને ..આવા તો કંઈક કેટલાય સવાલો શહેરભરમાં ચર્ચાતા જોવા મળતા હતા. જો કે, આ સમગ્ર બનાવને લઈ શહેરભરમાં ભારે ઉત્તેજનાનો માહોલ છવાઈ ગયો હતો. ખાસ કરીને હિન્દુ ધર્મના લોકો અને તેમાંય સવિશેષ ગૌભકતો અને ગૌરક્ષકોમાં ઉગ્ર આક્રોશની લાગણી ભભૂકી ઉઠી હતી. જેને પગલે વાતાવરણ પણ તંગ બની ગયુ હતું. આ ઘટના માટે જે કોઈ જવાબદાર કે કસૂરવાર હોય તેનો તાત્કાલિક સખતમાં સખત સજા કરવા ચોમેરથી માંગણી ઉઠી હતી. જેનો પગલે સાંજે ખુદ રાજયના ગૃહપ્રધાન પ્રદીપસિંહ જાડેજાએ સમગ્ર મામલામાં ઝીણવટભરી તપાસ કરવાની અને જે કોઈ કસૂરવાર કે જવાબદાર હશે તેની વિરૂધ્ધ સખત કાર્યવાહી કરવાની ખાતરી ઉચ્ચારી હતી. પોલીસે આ સમગ્ર પ્રકરણમાં એફએસએલની પણ મદદ લઈ ઝડપી તપાસ આરંભી છે.

## ૧૦-૧૫ કરોડના ફાફડા-જલેબીની જયાફત ઉડી

# શહેરીજન દશેરાએ કરોડોના ફાફડા - જલેબી ઝાપટી ગયા

### વહેલી સવારથી જ ફરસાણની દુકાનો-સ્ટોલ્સ અને મંડપો પર લાઈનો : ૩૦ ટકા ભાવવધારા છતાં જયાફત ઉડાવી

અમદાવાદ,

દશેરાના પવિત્ર પર્વ નિમિતે અમદાવાદીઓ આજના એક જ દિવસમાં કરોડો રૂપિયાના ફાફડા-જલેબી ઝાપટી ગયા હતા. સ્વાદના રસિયા અને જીભના ચટાકા માટે શોખીન એવા અમદાવાદીઓએ ૩૦ ટકાના ભાવવધારા છતાં બિન્દાસ્ત રીતે આશરે દસથી પંદર કરોડ રૂપિયાના ફાફડા-જલેબી ખાઈ વિજયાદશમીના પર્વની ઉજવણી કરી હતી. વહેલી સવારથી જ શહેરની વિવિધ ફરસાણની દુકાનો, સ્ટોલ્સ અને મંડપો પર નાગરિકોની લાંબી લાંબી લાઈનો નજરે પડતી હતી. ફાફડા જલેબીના ભાવોમાં જીએસટી અને નોટબંધીની સ્પષ્ટ અસર વર્તાઈ હોવાછતાં મોંઘવારીની ઐસીતૈસી કરીને પણ અમદાવાદીઓએ તેમના શોખ પ્રમાણે કરોડો રૂપિયાના ફાફડા જલેબીની જયાફત ઉડાવી હતી.

દશેરા-વિજયાદશમીના તહેવારને લઈ મોટાપાયે ફાફડા-જલેબીનું વેચાણ થવાનું હોઈ શહેરના વિવિધ ફરસાણના વેપારીઓ, દુકાનદારો અને સ્ટોલ્સવાળાઓએ પહેલેથી જ આગોતરી તૈયારીઓ રાખી હતી. ગ્રાહકોને તકલીફ ના પડે તે માટે ખાસ મંડપો અને શામિયાણાં ઉભાકરાયા હતા. તો લાઈનમાં ઉભા રહેતા થાકી જાય તો બેસવા માટે ખુરશીઓ અને પીવાના પાણીની ખાસ સુવિધા કરવામાં આવી હતી. વહેલી સવારથી જ શહેરના જુદા જુદા વિસ્તારોમાં ફરસાણના વેપારીઓ, દુકાનદારો અને સ્ટોલ્સવાળાને ત્યાં શહેરીજનોએ લાંબી લાઈનો લગાવી હતી. નાના બાળકોથી માંડી મહિલાઓ, યુવાઓ, વૃધ્ધ અને સીનીયર સીટીઝન્સ સૌકોઈ ફાફડા જલેબીની ખરીદી માટે લાઈનમાં ઉભા રહેલા જોવા મળતા હતા. કલાક- બે કલાકે લાઈનમાં નંબર આવ્યા બાદ ફાફડા જલેબી પામનાર ગ્રાહકોના પર ખુશી અને સંતોષની લાગણી સ્પષ્ટ નજરે પડતી હતી. મોંઘવારી, નોટબંધી અને જીએસટીની અસર ફાફડા-જલેબીના ભાવો પર સીધી વર્તાઈ હતી,જેના કારણે આ વખતે ફાફડા જલેબીના ભાવોમાં ૩૦ ટકા સુધીનો વધારો જોવા મળ્યો હતો. ૧૨ ટકા જીએસટીના લીધે બેસન, ઘી સહિતના કાચા માલની વસ્તુઓ મોંઘી બનતાં ભાવમાં સ્વાભાવિક ઉછાળો નોંધાયો હતો. જેના કારણે આ વખતે ફાફડાનો કિલોના ભાવ રૂ.૪૦૦ થી રૂ.૫૨૦ બોલાયો હતો, તો, જલેબીમાં આ ભાવ રૂ.૫૦૦થી રૂ.૬૪૦ સુધી પહોંચ્યો હતો. કેટલાક મોટા ફરસાણના વેપારીઓએ ચોખ્ખા ઘીની ખાસ જલેબી રૂ.૭૦૦થી રૂ.૭૫૦ના ભાવે પણ વેચી હતી. જો કે, અમદાવાદીઓ સ્વાદના રસિયા અને તેમના શોખ માટે જાણીતા છે, આ તેમની પ્રકૃતિ મુજબ, અમદાવાદીઓએ ફાફડા જલેબીના ભાવવધારા અને જીએસટી-નોટબંધીની પણ ઐસીતૈસી કરી પોતાનો શોખ પૂરો કરી બિન્દાસ્ત રીતે મનમૂકીને ફાફડા જલેબીની જયાફત ઉડાવી હતી અને પરંપરાગત રીતે દશેરાના પર્વની ઉજવણી કરી હતી. અમદાવાદની જેમ જ વડોદરા, રાજકોટ અને સુરત શહેરોમાં પણ ફાફડા-જલેબીની નાગરિકોને મન ભરીને જયાફત ઉડાવી હતી. શહેરભરમાં ફરસાણના કેટલાક વેપારીઓ અને દુકાનદારોએ તો ગ્રાહકોને લાઈનમાં ઉભા ના રહેવું પડે તે માટે એડવાન્સ બુકીંગ અને ઓર્ડરની વ્યવસ્થા કરી હતી. જો કે, મોંઘવારી વચ્ચે ફાફડા જલેબીની જયાફત વચ્ચે એક વર્ગ એવો પણ હતો કે, જેણે પોતાની મર્યાદા સમજીને આ ઉજવણી કરી હતી.

## જીએસટી રિટર્ન ફાઈલિંગમાં વેપારીઓને મોટી રાહતની તૈયારી

# હવે વેપારીઓને ત્રિમાસિક રિટર્ન ફાઈલિંગની સુવિધા મળી શકે છે

### વેપારીઓને દર મહિનામાં રિટર્ન ફાઈલ કરવાના બદલે ૩ મહિનામાં રિટર્ન ફાઈલ કરવાની મહેતલ આપવાના મુદ્દા પર મોદી સરકારની સક્રિય વિચારણા

નવી દિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી)ના રિટર્ન ફાઈલિંગમાં વેપારીઓના એક મોટા વર્ગને રાહત આપવાની તૈયારીમાં છે. આ વેપારીઓને દર મહિનામાં રિટર્ન ફાઈલ કરવાના બદલે ત્રણ મહિનામાં રિટર્ન ફાઈલ કરવાની મહેતલ આપવાના મુદ્દે સક્રિય રીતે વિચારણા કરવામાં આવી રહી છે. વિશ્વસનીય સુત્રોએ માહિતી આપતા કહ્યુ છે કે આ મુદ્દા પર નાણાં મંત્રાલય દ્વારા વિચારણા કરવામાં આવી રહી છે. આને અમલી કરવામાં થોડોક સમય લાગી શકે છે. કારણ કે પહેલા આ પ્રસ્તાવને લો કમિટી પાસે મોકલવામાં આવનાર છે. લોક કમિટી પાસેથી મંજુરી મળી ગયા બાદ આને જીએસટી કાઉન્સિલમાં મોકલી દેવામાં આવશે. જીએસટી કાઉન્સિલમાં નાણાં પ્રધાન અરૂણ જેટલી અને રાજ્યોના નાણાંપ્રધાનો રહેલા છે. આ ઉપરાંત સરકાર ૨૦ લાખ રૂપિયા સુધીના ટર્ન ઓવર ધરાવતા કારોબારી માટે સરળ જેવા ખુબ સરળ રિટર્ન ફાઈલિંગ સિસ્ટમના આઈડિયા પર વિચારણા કરી રહી છે. દર મહિને રિટર્ન ફાઈલ કરવાને લઈને વેપારીઓની કેટલીક ફરિયાદો રહી છે. તેમનુ કહેવુ છે કે આના કારણે તેમના પર બોજ વધી જશે. ત્રણ તબક્કાની આ પ્રક્રિયાને પૂર્ણ કરવામાં એકબાજુ તેમનો ખર્ચ વધી જશે. બીજી બાજુ તેમના પર કામનો બોજ પણ વધી જશે. પશ્ચિમ બંગાળના નાણાંપ્રધાન અમિત મિત્રાએ એક પત્ર લખીને જેટલીને ૭૫ લાખ રૂપિયાથી ઓછાના ટર્ન ઓવર ધરાવતા વેપારીઓને ત્રિમાસિક રિટર્ન ફાઈલ કરવાની મંજુરી આપવાનુ સુચન કર્યુ છે. સરકારનુ માનવુ છે કે નિયમોને હળવા કરવાથી સરકારને વધારે નુકસાન થનાર નથી. એક કાર્યક્રમમાં હાલમાં જેટલીએ કહ્યુ હતુ કે ચાર લાખથી પણ ઓછી નોંધાયેલી સંસ્થાઓ ૯૫ ટકા ટેક્સની ચુકવણી કરે છે. જયારે બાકી૬૦ લાખ માત્ર પાંચ ટકા ટેક્સની ચુકવણી કરે છે. સુત્રોએ કહ્યુ છે કે ત્રિમાસિક રિટર્નના રસ્તામાં કેટલીક તકલીફ આવી શકે છે. જેને દુર કરવાની બાબત પડકારરૂપ રહેશે. ટેક્સ ક્રેડિટ મામલાનો સામનો કઈ રીતે કરવામાં આવે તેને લઈને નિષ્ણાંતોમાં ચર્ચા છે. આ ઉઈપરાંત મોટી કંપનીઓ જેમ કે મારૂતિ સુઝુકી અથવા તો હિન્દુસ્તાન લિવરને દર મહિને રિટર્ન ફાઈલ કરવા માટે કહેવામાં આવ્યુ છે. જયારે તેમના વેન્ડર્સના સપ્લાયર્સને ત્રણ મહિનામાં એક વખત રિટર્ન દાખલ કરવા માટે કહેવામાં આવ્યુ છે. આના કારણે રિટર્નના આંકડાને ભેગા કરવામાં ખુબ તકલીફ આવનાર છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે દેશના ઈતિહાસમાં સૌથી મોટા આર્થિક સુધારા જીએસટીને પહેલી જુલાઈના દિવસે અમલી કરવામાં આવ્યા બાદ તેની મોટા ભાગના વેપારી પર હાલ અસર થઈ રહી છે. મુશ્કેલી નડી રહી છે. જો કે નિષ્ણાંતોનુ કહેવુ છે કે ટુક સમયમાં ડ જીએસટી અમલીકરણ બાદ આવી રહેલી ખામીને દુર કરી લેવામા આવનાર છે. આર્થિક મંદીના મુદ્દા પર મોદી સરકાર ચારેબાજુથી ઘેરાઈ ગઈ છે ત્યારે જીએસટી વ્યવસ્થા હેઠળ વેપારીઓને હવે ત્રિમાસિક રિટર્ન આપવાની સુવિધા આપીને કેટલાક અંશે વેપારીઓની નારાજગી દુર કરવામાં આવનાર છે.

## વસ્ત્રાલમાં ગરબા જોઈ પરત ફરતા બે યુવકો પર હુમલો

અમદાવાદ,

શહેરના વસ્ત્રાલ વિસ્તારમાં ગઈ મોડી રાત્રે ગરબા જોઈને ઘેર પરત પરત ફરી રહેલા બે મિત્રો પર પિતા-પુત્ર સહિત ચાર આરોપીઓએ જાહેરમાં તલવાર સહિતના ઘાતક હથિયાર વડે હુમલો કરતાં એક યુવકનું ઘટનાસ્થળે જ ગંભીર ઈજાઓ થવાના કારણે મૃત્યુ નીપજયુ હતું, જયારે બીજા યુવકને ગંભીર ઈજા પહોંચતા તેને સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. આ બનાવને પગલે સમગ્ર વિસ્તારમાં ભય અને ફફડાટની લાગણી ફેલાઈ ગઈ હતી. આ બનાવ અંગે રામોલ પોલીસને જાણ થતાં જ પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને જરૂરી પંચનામું કરી તપાસ હાથ ધરી હતી. પોલીસે હુમલાખોર પૈકી આરોપી પિતા નરેશ ડાંગીની ધરપકડ કરી લીધી છે, જયારે બાકીના આરોપીઓની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસની પ્રાથમિક તપાસમાં આ હત્યા અને હુમલા પાછળ જૂની અદાવત કારણભૂત હોવાનું મનાઈ રહ્યું છે. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, વસ્ત્રાલ કેનાલ પાસે આવેલી માતૃભકિત સોસાયટીમાં રહેતો પરશુરામ પરસોત્તમભાઈ પટેલ તેના મિત્ર ઉત્કર્ષ સાથે ગરબી જોઈને ગઈ મોડી રાત્રે ઘેર પરત ફરી રહ્યો હતો ત્યારે આ જ સોસાયટીમાં રહેતા અને ટીવાયબીકોમમાં અભ્યાસ કરતાં મનીષ ડાંગી, તેના પિતા નરેશ ડાંગી, બ્રીજેશ ગોસ્વામી અને રાકેશ યાદવ સહિતના શખ્સો તલવાર સહિતના ઘાતક હથિયારો લઈને આ બંને યુવકોની રાહ જોતા ઉભા હતા. બંને યુવકોને પાસે બોલાવી તેઓ કંઈ સમજે તે પહેલાં આરોપી પિતા-પુત્ર સહિતના શખ્સોએ તલવાર, છરી સહિતના હથિયારો વડે પરશુરામ અને ઉત્કર્ષ પર જોરદાર હુમલો કર્યો હતો. જીવલેણ હુમલાના કારણે પરશુરામ પટેલનું ઘટનાસ્થળે જ મોત નીપજયું હતું, જયારે ઉત્કર્ષને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. મોડી રાત્રે બનેલા આ બનાવને પગલે સ્થાનિક રહીશોમાં પણ ભય અને ફફડાટની લાગણી ફેલાઈ ગઈ હતી.

## વાસણામાં હીટ એન્ડ રનનો બનાવ : આધેડનું થયેલુ મોત

અમદાવાદ,

શહેરના વાસણા વિસ્તારમાં આજે સવારે હીટ એન્ડ રનનો બનાવ નોંધાતાં એક આધેડ માટે દશેરાનું પર્વ મોતનો સંદેશો લઈને જાણે આવ્યું હતું. વાસણાના એકતા ટાવર પાસે પૂરપાટ ઝડપે આવેલા એક કારચાલકે ૪૨ વર્ષીય એક આધેડને જોરદાર ટક્કર મારતાં ગંભીર ઈજાઓ થવાના કારણે તેમનું ઘટનાસ્થળે જ પ્રાણપંખેરૂ ઉડી ગયું હતું. આધેડને લોહીલુહાણ હાલતમાં ફસડાઈ પડેલા જોઈ સ્થાનિકો સહિત લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટી પડયા હતા. બીજીબાજુ, બનાવથી ગભરાઈ ગયેલો કારચાલક પોતાની કાર ત્યાં જ મૂકીને નાસી છૂટયો હતો.ઘટનાની જાણ થતાં જ પોલીસ પણ સ્થળ પર દોડી આવી હતી પરંતુ ત્યાં સુધીમાં આધેડનું મોત થઈ ચૂક્યું હતું. આ બનાવને પગલે સમગ્ર વિસ્તારમાં અરેરાટીની લાગણી પ્રસરી ગઈ હતી. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, શહેરના વાસણા વિસ્તારમાં આજે સવારે એક આધેડ જઈ રહ્યા હતા ત્યારે પૂરપાટ ઝડપે પોતાની કાર ગફલતભરી રીતે હંકારી કારચાલકે તેમને જોરદાર ટક્કર મારી હતી.

જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ
મેનેજિંગ તંત્રી : મિનાક્ષી રાવલ

ગાંધીનગર મુખ્ય કાર્યાલય

બ્લોક - ૬૭૭/૨, 'ઘ' ટાઈપ,
સેકટર-૮, ગાંધીનગર
ફોન : +91-79-23238022
ફેક્સ : +91-79-23238022
મો. : +91- 9537656922
મો. : +91- 98246 53073

ગાંધીનગર શહેર, જિલ્લા તેમજ અમદાવાદ શહેર અને જિલ્લાના સમાચારો જાહેરખબર તેમજ કોપી મેળવવા ગાંધીનગર તથા અમદાવાદ કાર્યાલયની મુલાકાત લેવી.

એડીટોરીયલ ચીફ :
બકુલ એ. રાવલ

અમદાવાદ મુખ્ય કાર્યાલય

૨૧, અનંત એપાર્ટમેન્ટ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પાસે, માનવમંદિર, મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૨.
(મો) ૯૮૨૪૦ ૯૬૨૫૦

સહતંત્રી : નિલેશભાઈ રાવલ

૨૫૬૭, ગોઝારીયા પોળ,
હલીમની ખડકી પાસે, શાહપુર,
અમદાવાદ-૩૮૦૦૦૧
(મો) ૯૩૨૭૦ ૮૫૫૨૪

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩ ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ૨૫૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર, અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.

'જન ફરિયાદ'માં પ્રસિદ્ધ થતાં તમામ સમાચારો, ફરિયાદો, કોઈપણ જાતના પૂર્વગ્રહ કે દ્વેષબુદ્ધિ વગર માત્ર જ છાપવામાં આવે છે. તેમ છતાં પ્રગટ થયેલ લખાણમાં હકીકત દોષ કે ખરેખર અન્યાય થયો હોય તો લાગતા વળગતાઓએ પુરાવા સાથે ધ્યાન દોરવું જેથી યોગ્ય કરવામાં આવશે. પ્રતિનિધિઓને કે કોઈપણ વ્યક્તિએ પુરાવા સાથે ફરિયાદો કે સમાચાર મોકલવાના રહેશે. તે વગર છપાશે નહિ. પ્રસિદ્ધ થયેલ સમાચાર ફરિયાદો વગેરે માટે લખનાર જવાબદાર ગણાશે અને જનફરિયાદ કોઈપણ રીતે જવાબદાર નથી. કોઈપણ જાતના વાદવિવાદ, તકરાર કે કાયદાકીય ગૂંચ માટેનું કાર્યક્ષેત્ર અમદાવાદની કોર્ટ રહેશે. - તંત્રી

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001